ગૌણ પરિવર્તન

# રોડમેપ

3-21 વર્ષની ઉંમરના વિકલાંગ બાળકોના પરિવારો માટે

તમારી રોડ ટ્રિપ માટે તૈયારી કરવી

*- તમને તમારી ટ્રિપની જોઈતી જરૂરી માહિતી માટે આ આઇકન પર ક્લિક કરો.*

*લિંક ટૂંક સમયમાં આવશે!*

## 1 ધોરણ PK-5

તમે તમારા બાળક માટે જે આશાઓ અને સ્વપ્નો ધરાવો છો તેના વિશે વિચારવું ક્યારેય વહેલું નથી હોતું; વધુ માહિતી માટે શરૂઆતના બાળપણનો રોડમેપ જુઓ.

## 2 ધોરણ 6-8

સ્કૂલ ડિસ્ટ્રીકટે શાળાની કારકિર્દી સલાહ નીતિના આધારે, અભ્યાસ છોડી દેવાનું જોખમ ધરાવતા વિદ્યાર્થીઓ માટે સફળતાની યોજના વિકસાવવી જરૂરી છે.

## 3 14 વર્ષના થવું

સ્કૂલ ડિસ્ટ્રીકટે IEPમાં એવો ટ્રાન્ઝિશન પ્લાન બનાવવાની જરૂર છે કે જે જો યોગ્ય હોય, તો વિદ્યાર્થી 14 કે તેથી વધુ ઉંમરનો થાય ત્યારે અમલમાં આવે. વિકલાંગતા ધરાવતા ઓહાયોના લોકો વિકલાંગતા ધરાવતા ઓહાયોના લોકો માટે તકો સાથે વ્યાવસાયિક પુનર્વસન સેવાઓ માટે અરજી કરવા પાત્ર છે

## 4 ધોરણ 9

સ્કૂલ ડિસ્ટ્રીકટ માટે આટલું કરવું જરૂરી છે:

- ધોરણ 9થી લઈને ધોરણ 12માં પ્રવેશતા તમામ વિદ્યાર્થીઓ માટે ગ્રેજ્યુએશન પ્લાન વિકસિત કરો અને તેને જાળવી રાખવો
- જો કોઈ વિદ્યાર્થી હાઇ સ્કૂલ ડિપ્લોમા માટે લાયક ન હોવાની સ્થિતિમાં છે એવી ઓળખ થાય ત્યારે દર વર્ષે માતા-પિતાને સૂચિત કરવું

## સર્વિસ પ્લાઝા 1

## 5 16 વર્ષીય

જો તમારું બાળક કાઉન્ટી બોર્ડ ઓફ ડેવલપમેન્ટલ ડિસેબિલિટી સેવાઓ પ્રાપ્ત કરી રહ્યું હોય, તો આ સમયે પાત્રતાની સમીક્ષા કરવામાં આવે છે.

## સર્વિસ પ્લાઝા 2

## 6 17 વર્ષીય

સ્કૂલ ડિસ્ટ્રીકટે તમારું બાળક 18 વર્ષની ઉંમરે પહોંચે એટલે તમને અને તમારા બાળકને તેના અધિકારોના હસ્તાંતરણ વિશે જાણ કરવી આવશ્યક છે

## 7 18 વર્ષીય

વિદ્યાર્થી અમુક કાનૂની અને શૈક્ષણિક પસંદગીઓ કરવાનો અધિકાર અને જવાબદારી ધરાવે છે જે માતા-પિતા દ્વારા ભૂતકાળમાં કરવામાં આવી હતી, જેમ કે તેમના IEPને મંજૂરી આપવી.

## તમારું બાળક હાઇ સ્કૂલના મુકામ

સ્કૂલ ડિસ્ટ્રીકટે કામગીરીનો સારાંશ આપવો આવશ્યક છે

## 8 22 વર્ષીય

વૈયક્તિક સ્તરે હવે વ્યક્તિઓ ઓહાયોમાં ઇન્ડિવિઝ્યુઅલ્સ વિથ ડિસેબિલિટી એજ્યુકેશન એક્ટ (IDEA) હેઠળ ફ્રી એપ્રોપ્રીએટ પબ્લિક એજ્યુકેશન (FAPE) માટે પાત્ર નથી.

Ohio | Department of Education

ગૌણ પરિવર્તન

# રોડમેપ

3-21 વર્ષની ઉંમરના વિકલાંગ બાળકોના પરિવારો માટે

## તમારી રોડ ટ્રિપ માટે તૈયારી કરવી

**સૂટકેસમાં શું પેક કરવું**

કોઈપણ સરસ મજાની ટ્રિપમાં આયોજન તમને સફરનો અને સવારીનો આનંદ માણવામાં મદદરૂપ બને છે. તમારી "ટ્રાન્ઝિશન સૂટકેસ"માં તમને અને તમારા બાળકને હાઇ સ્કૂલ પછીના જીવનની તૈયારી કરવામાં મદદરૂપ બની રહે તે માટે ઘણી વેબસાઇટ, સંસાધનો અને ટૂલ છે. જ્યારે તમે તમારી પરિવર્તન યાત્રા માટે તૈયારી કરો છો, ત્યારે તમારી સૂટકેસ અને આ ટ્રાન્ઝિશન રોડમેપનો ઉપયોગ તમારા માર્ગને નેવિગેટ કરવા માટે કરો. આ ટ્રાન્ઝિશન રોડમેપને અનુસરીને, તમે તમારા બાળકની શાળામાંથી બહાર નીકળવા અને માધ્યમિક ઉંમર પછીના જીવનમાં આગળ વધવા માટે સારી રીતે તૈયાર થઈ શકો છો.

- એજન્સી નેવિગેશન ટૂલ - એજન્સી નેવિગેશન ટૂલ એ મૂળભૂત માહિતી અને યુવાવસ્થામાંથી પુખ્તાવસ્થાના પરિવર્તન સમયે સામેલ હોઈ શકે એવી મુખ્ય એજન્સીઓ વિશે જાણકારી આપતું એક સંસાધન છે. આ ટૂલ યુવાનો, તેમના પરિવારો, શાળાઓ અને એજન્સીઓ માટે ઉપયોગી છે.
- માતા-પિતા માટે કારકિર્દી જોડાણો ફ્રેમવર્ક માર્ગદર્શિકા - કારકિર્દી જોડાણો ફ્રેમવર્ક એ પરિવારોને પ્રભાવિત કરીને ઘરે કારકિર્દી જોડાણો બનાવવામાં મદદ કરવા માટેની માર્ગદર્શિકા છે.
- લાઇફકોર્સ ચાર્ટિંગ - ધ ચાર્ટિંગ ધ લાઇફકોર્સ ફ્રેમવર્ક એ વિકલાંગ વ્યક્તિઓ અને તેમના પરિવારો દ્વારા વિચારો, દ્રષ્ટિકોણો અને ધ્યેયો ગોઠવવા તેમજ સમસ્યાનું નિરાકરણ, શોધખોળ અને સમર્થન માટે વપરાતા ટૂલનું એક જૂથ છે.
- ડિસેબિલિટી બેનિફિટ્સ 101 - ડિસેબિલિટી બેનિફિટ્સ 101 તમને ટૂલ અને રોજગાર, હેલ્થ કવરેજ અને લાભો વિશે માહિતી આપે છે. વ્યક્તિઓ શીખી શકે છે કે કેવી રીતે કાર્ય અને લાભો એકસાથે કામ કરે છે.
- પ્રારંભિક બદલાવનું આયોજન - પરિવારો અને ભાગીદારો પુખ્તાવસ્થા વિશે જેટલું જલ્દી વિચારવાનું શરૂ કરે છે, યુવાનો આગળ શું છે એના માટે એટલા વધુ તૈયાર થાય છે. સંસાધનો, સહાયતા અને પ્રવૃત્તિઓ માટે આ સાઇટ તપાસો જે યુવા શીખનારાઓને સક્રિયપણે જોડશે જેથી પરિપૂર્ણ પુખ્ત જીવન કેવું હોઈ શકે તે વિશે વિચારવાનું શરૂ કરવામાં મદદ કરી શકે.
- પેરેન્ટ મેન્ટર્સ - ઓહાયોના પેરેન્ટ મેન્ટર્સ પરિવારોને તેમના બાળક માટે વિશેષ શિક્ષણ પ્રક્રિયા અને સેવાઓ સમજવામાં મદદ કરવા માટે હાજર છે. ઓહાયો સ્ટેટ યુનિવર્સિટી અને ધ ઓહાયો ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનની ઓહાયો પેરેન્ટ મેન્ટર પ્રોજેક્ટ વેબસાઇટ પર, તમને ઓહાયોમાં પેરેન્ટ મેન્ટર્સનો નકશો, વિશેષ શિક્ષણ પ્રક્રિયામાં નેવિગેટ કરવામાં મદદ કરવા માટેના વિડિયો અને ટૂલ તેમજ ઘરે શીખવા માટેના સંસાધનો મળશે.
- ધ ઓહાયો કોઅલિશન ફોર ધ એજ્યુકેશન ઓફ ચિલ્ડ્રન વિથ ડિસેબિલિટીઝ - ધ ઓહાયો કોઅલિશન ફોર ધ એજ્યુકેશન ઓફ ચિલ્ડ્રન વિથ ડિસેબિલિટીઝ (OCECD) એ એક રાજ્યવ્યાપી બિનનફાકારક સંસ્થા છે જે ઓહાયોમાં નવજાતો, શિશુઓ, બાળકો અને વિકલાંગ યુવાનોના પરિવારોને સેવા આપે છે, શિક્ષકો અને એજન્સીઓ તેમને સેવાઓ પૂરી પાડે છે.
- ઓહાયો ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન સ્ટેટ સપોર્ટટીમ્સ - રાજ્યવ્યાપી સપોર્ટ સિસ્ટમના ભાગરૂપે, ધ સ્ટેટ સપોર્ટ ટીમ શાળાઓ, પરિવારો, પ્રાદેશિક ભાગીદારો અને વિભાગ સાથે સતત સુધારણા પ્રક્રિયા દ્વારા સહયોગ કરે છે જેથી ઓહાયોમાં દરેક બાળકને ઉચ્ચ-ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે.
- રાઇઝ અપ - રાઇઝ અપ એ એક માર્ગદર્શિકા છે જે ડિસેબિલિટી રાઇટ્સ ઓહાયો (DRO) દ્વારા 14 થી 21 વર્ષની વય તરફ પ્રયાણ કરતા યુવાનો માટે વિકસાવવામાં આવી હતી. આ માર્ગદર્શિકામાં વ્યક્તિ પુખ્ત બનતી વખતે કઈ પરિસ્થિતિઓમાંથી પસાર થઈ શકે છે તેના વિશે મદદરૂપ માહિતી છે.
- STABLE એકાઉન્ટ - STABLE એકાઉન્ટ એક એવું રોકાણ ખાતું છે જે અપંગ વ્યક્તિઓને ઉપલબ્ધ છે. STABLE એકાઉન્ટ્સ તમને મેડિકેડ અથવા સપ્લીમેન્ટલ સિક્યોરિટી ઇન્કમ (SSI) જેવા અમુક જાહેર લાભ કાર્યક્રમો માટે પાત્રતા ગુમાવ્યા વિના નાણાં બચાવવા અને રોકાણ કરવાની મંજૂરી આપે છે. જ્યાં સુધી તમે તેને લાયકાત ધરાવતા વિકલાંગતાના ખર્ચ પર ખર્ચો ત્યાં સુધી તમારા STABLE ખાતામાંની કમાણી ફેડરલ આવકવેરાને આધીન નથી.
- સ્ટેટવાઇડ ફેમિલી એન્ગેજમેન્ટ સેન્ટર - ધ ઓહાયો સ્ટેટવાઇડ ફેમિલી એન્ગેજમેન્ટ સેન્ટરK-12 વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતાને સમર્થન આપવા માટે વિદ્યાર્થીઓ, માતાપિતા, સંભાળ રાખનારાઓ, શાળાના આગેવાનો અને સમુદાયના ભાગીદારોને એકબીજા સાથે સકારાત્મક અને સંલગ્ન સંબંધો બનાવવા માટે સશક્ત બનાવે છે.

રોડમેપ પર પાછા ફરો

ગૌણ પરિવર્તન

# રોડમેપ

3-21 વર્ષની ઉંમરના વિકલાંગ બાળકોના પરિવારો માટે

## તમારું બાળક ધોરણ PK-5માં છે

તમે તમારા બાળકના જીવન માટે શું આશા રાખો છો તેના વિશે વિચારવાનું અને વાત કરવાનું શરૂ કરવું ક્યારેય વહેલું નથી હોતું.

- પ્રારંભિક હસ્તક્ષેપ, જેને EI તરીકે ઓળખવામાં આવે છે, એ એક રાજ્યવ્યાપી સિસ્ટમ છે જે વિકાસ સંબંધિત વિલંબ અથવા વિકલાંગતા ધરાવતા 3 વર્ષથી ઓછી ઉંમરના પાત્ર બાળકોના માતાપિતાને સંકલિત સેવાઓ પ્રદાન કરે છે. EI એ હેલ્પ મી ગ્રો સિસ્ટમ ઓફ સપોર્ટનો ભાગ છે. વિકાસ સંબંધિત વિકલાંગતા ધરાવતા લોકોને આ સેવાઓ અને સમર્થન તમારા સ્થાનિક કાઉન્ટી બોર્ડ ઓફ ડેવલપમેન્ટલ ડિસેબિલિટીઝ (CBDD) દ્વારા પ્રાદેશિક સ્તરે પ્રદાન કરવામાં આવે છે. CBDD લાયકાત નક્કી કરે છે, તમારી જરૂરિયાતોનું મૂલ્યાંકન કરે છે અને કઈ સેવાઓ તમને શ્રેષ્ઠ સમર્થન આપી શકે છે તેનું સંકલન કરે છે. પ્રારંભિક હસ્તક્ષેપની પાત્રતા વિશે વધુ માહિતી માટે આ લિંક પર ક્લિક કરો.
- ઓહાયો ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન નાની ઉંમરે તમારા બાળકના શિક્ષણને નેવિગેટ કરવામાં તમારી મદદ કરવા માટે પ્રારંભિક બાળપણનો રોડમેપ બનાવી રહ્યું છે. આ નવા સંસાધનને જોવા માટે થોડા મહિનામાં વિભાગની વેબસાઇટનો સંદર્ભ લો.
- ઓહાયો ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન એવા ટૂલ ધરાવે છે જે પરિવારો અને શાળાઓને પ્રારંભિક પરિવર્તન આયોજનમાં સહાય કરે છે. ઉદાહરણ તરીકે, ચાર્ટિંગ ધ લાઇફકોર્સ જેવા ટૂલ પરિવારોને પરિવર્તન વિશે વાત કરવાનું શરૂ કરવામાં મદદ કરી શકે છે.

## તમારું બાળક ધોરણ 6-8માં છે

- એક સ્ટુડન્ટ સક્સેસ પ્લાન એ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને કારકિર્દી સંબંધિત ધ્યેય હાંસલ કરવા માટે શૈક્ષણિક આવશ્યકતાઓને સમજવામાં મદદ કરવા માટે વિદ્યાર્થી-કેન્દ્રિત પ્રક્રિયા છે. જો તમારું બાળક શાળામાંથી છૂટું કરવામાં આવશે એવા જોખમમાં હોય, તો તમારા બાળકના સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તેમના માટે વિદ્યાર્થી સક્સેસ પ્લાન બનાવવો જરૂરી છે.
- સ્કૂલ ડિસ્ટ્રીક્ટ સ્ટુડન્ટ સક્સેસ પ્લાન બનાવે તે પહેલાં, તેમણે તમને પ્લાન વિકસાવવામાં મદદ કરવા માટે મીટિંગમાં આમંત્રિત કરવા આવશ્યક છે. તમારા બાળકના સ્ટુડન્ટ સક્સેસ પ્લાન વિકસાવ્યા બાદ સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તેને તમારી સાથે પણ શેર કરવો જોઈએ.

રોડમેપ પર પાછા ફરો

Ohio | Department of Education

ગૌણ પરિવર્તન
# રોડમેપ

3-21 વર્ષની ઉંમરના વિકલાંગ બાળકોના પરિવારો માટે

## તમારું બાળક 14 વર્ષનું થઈ રહ્યું છે

- તમારા બાળકના સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારા બાળક માટે એક પરિવર્તન યોજના બનાવવી આવશ્યક છે, ઇન્ડિવિજ્યુઅલાઇઝડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP)નો વિભાગ 5.
- તમારા બાળકના સ્કૂલ ડિસ્ટ્રીક્ટ એજ-એપ્રોપ્રીએટ ટ્રાન્ઝિશન એસેસમેન્ટ (AATA) દ્વારા તમારા બાળક વિશે માહિતી એકત્રિત કરશે. આ માહિતીમાં તમારા બાળકની પસંદગીઓ, રુચિઓ, જરૂરિયાતો અને શક્તિઓનો સમાવેશ થાય છે – આ માહિતીને ક્યારેક PINS તરીકે ઓળખવામાં આવે છે.
- પરિવર્તન યોજના બનાવવા માટે તમારા બાળકના સ્કૂલ ડિસ્ટ્રીક્ટે AATA પ્રક્રિયા દ્વારા એકત્રિત કરેલી માહિતીનો ઉપયોગ કરવો આવશ્યક છે. તમારા બાળકની પરિવર્તન યોજનામાં નીચેના વિશેની માહિતી સામેલ હશે:
  - પરિવર્તન સેવાઓ,
  - ભણવાનો અભ્યાસક્રમ(મો),
  - તાલીમ અને શિક્ષણ સાથે સંબંધિત માધ્યમિક અભ્યાસ પછીના લક્ષ્યો
  - સ્વતંત્ર જીવન કૌશલ્ય સાથે સંબંધિત માધ્યમિક અભ્યાસ પછીના લક્ષ્યો (જો યોગ્ય હોય તો), અને
  - સ્પર્ધાત્મક સંકલિત રોજગાર સંબંધિત માધ્યમિક અભ્યાસ પછીના લક્ષ્યો.

## તમારું બાળક 9મા ધોરણમાં પ્રવેશી રહ્યું છે

- 9મા ધોરણથી લઈને ગ્રેજ્યુએશન સુધી, તમારા બાળકની શાળાએ તમારા બાળક સાથે એક હાઇ સ્કૂલ ગ્રેજ્યુએશન પ્લાન વિકસાવવા (અને તમને પ્રક્રિયામાં આમંત્રિત કરવા) સાથે કામ કરવું જરૂરી છે.
- હાઇ સ્કૂલમાંથી સ્નાતક થાય એ માટે વિદ્યાર્થીઓ માટે ઘણી આવશ્યકતાઓ છે. ગ્રેજ્યુએશન પ્લાને તે આવશ્યકતાઓને પહોંચી વળવા માટે તમારા બાળકે શું કરવું જોઈએ તે અંગે એક રૂપરેખા તૈયાર કરવી જોઈએ. પ્લાન વાર્ષિક ધોરણે અપડેટ કરવામાં આવતો હોવાને કારણે તે તમારા બાળકની ગ્રેજ્યુએશનની આવશ્યકતાઓને પહોંચી વળવામાં સફળતા (અથવા તેના અભાવ)નું દસ્તાવેજીકરણ કરે છે. જો તમારું બાળક સ્નાતક ન થાય એવો ભય હોય કારણ કે તે એક અથવા વધુ જરૂરિયાતોમાં પાછળ છે, તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમને સૂચિત કરવું આવશ્યક છે.

રોડમેપ પર પાછા ફરો

## સર્વિસ પ્લાઝા ၊

પહેલા સર્વિસ પ્લાઝામાં એવી માહિતી હોય છે જે ખાસ કરીને તમારા 14 વર્ષની આસપાસના બાળક માટે સુસંગત બને છે. પહેલી લિંક તમને એજ-એપ્રોપ્રીએટ ટ્રાન્ઝિશન એસેસમેન્ટ (તમે આને AATA તરીકે સાંભળી શકો છો) માટે આયોજન માર્ગદર્શિકા પર લઈ જશે. તમારા બાળકમાં જ્ઞાન અને કૌશલ્યો વિકસાવવા માટે જરૂરી શિક્ષણ, તાલીમ અને સમર્થન પ્રાપ્ત કરવામાં મદદરૂપ બની રહે તે હેતુસર એજ-એપ્રોપ્રીએટ ટ્રાન્ઝિશન એસેસમેન્ટ મહત્ત્વપૂર્ણ છે જે તેમને તેમના જીવનના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરશે. બીજી લિંક, ઇન્ડિકેટર 13 ચેકલિસ્ટ, એવા પ્રશ્નો પ્રદાન કરે છે જે તમને અને તમારા બાળકના ઇન્ડિવિજ્યુઅલ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP) ટીમને તાલીમ, શિક્ષણ, રોજગાર અને સ્વતંત્રપણે જીવન જીવવાના કૌશલ્યના ક્ષેત્રોમાં યોગ્ય માધ્યમિક અભ્યાસ પછીના લક્ષ્યો છે કે કેમ તે નક્કી કરવામાં માર્ગદર્શન આપી શકે છે. આ ટૂલ તમને તમારું બાળક હાઇ સ્કૂલ પછીના જીવનની તૈયારી કરવામાં મદદરૂપ બની શકે છે.

- એજ-એપ્રોપ્રીએટ ટ્રાન્ઝિશન એસેસમેન્ટ આયોજન માર્ગદર્શિકા
- ઇન્ડિકેટર 13 ચેકલિસ્ટ - *(લિંક આવશે)*

## તમારું બાળક 16 વર્ષનું છે

- જ્યારે તમારું બાળક 16 વર્ષનું થાય, જો તમારું બાળક કાઉન્ટી બોર્ડ ઓફ ડેવલપમેન્ટલ ડિસેબિલિટીઝ હેઠળ સેવાઓ માટે લાયક બન્યું હોય, તો તેમની પાત્રતા હવે ચિલ્ડ્રન્સ ઓહાયો એલિજિબિલિટી ડિટરમિનેશન ઇન્સ્ટ્રુમેન્ટ (COEDI) પર આધારિત નથી. તેમની પાત્રતા હવે ઓહાયો એલિજિબિલિટી ડિટરમિનેશન ઇન્સ્ટ્રુમેન્ટ (OEDI) દ્વારા નક્કી કરવામાં આવે છે. જો તમારું બાળક આ સેવાઓ પ્રાપ્ત કરી રહ્યું હોય અને તમે તેને ચાલુ રાખવા માંગતા હો, તો OEDI વપરાશકર્તા માર્ગદર્શિકા તમને આ પ્રક્રિયામાં મદદ કરી શકે છે.

રોડમેપ પર પાછા ફરો

ગૌણ પરિવર્તન

# રોડમેપ

3-21 વર્ષની ઉંમરના વિકલાંગ બાળકોના પરિવારો માટે

## સર્વિસ પ્લાઝા 2

બીજા સર્વિસ પ્લાઝામાં બે લિંક છે જે ઓહાયો આઇડી અને ડ્રાઇવિંગ લાયસન્સ મેળવવા વિશે માહિતી પ્રદાન કરે છે. ફોટો આઇડી કાર્ડ ફક્ત ઓળખના હેતુ માટે છે અને જો તમારું બાળક ક્યારેક ગુમ થઇ જાય તો તેવા કિસ્સામાં તેને શોધવામાં મદદ કરી શકે છે. ઓહાયો આઇડી કાર્ડ માટે કોઇ ન્યૂનતમ ઉંમર નથી. હંગામી ડ્રાઇવિંગ પરમિટ 15 ½ વર્ષની ઉંમરે મેળવી શકાય છે અને ડ્રાઇવિંગ પરમિટ ધરાવ્યાના છ મહિના પછી પ્રોબેશનરી ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવી શકાય છે.

- સ્ટેટ આઇડી
- ડ્રાઇવિંગ લાઇસન્સ

## તમારું બાળક 17 વર્ષનું છે

- બહુમતીની ઉંમર તે વય છે કે જેમાં વ્યક્તિને પુખ્ત ગણવામાં આવે છે. ઓહાયોની બહુમતીની ઉંમર 18 છે.
- તમારું બાળક પુખ્ત વયે પહોંચે તેના ઓછામાં ઓછા એક વર્ષ પહેલાં, સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમને અને તમારા બાળકને જાણ કરવી જોઇએ કે IDEA અધિકારો તમારા બાળકને 18 વર્ષની ઉંમરે સોંપવામાં આવશે. તમારા બાળકના IEPએ સૂચવવું જોઇએ કે તમને અને તમારા બાળકને તેમના અધિકારો વિશે જાણ કરવામાં આવી છે. જો જરૂર હોય તો 18 વર્ષની ઉંમરે તમારા બાળકને સહાયતા આપવાનું ચાલુ રાખવા માટે તમારો સ્કૂલ ડિસ્ટ્રીક્ટ બંધાયેલ છે.

રોડમેપ પર પાછા ફરો

ગૌણ પરિવર્તન

# રોડમેપ

3-21 વર્ષની ઉંમરના વિકલાંગ બાળકોના પરિવારો માટે

## તમારું બાળક 18 વર્ષનું છે

• તમારું બાળક પોતાના માટે અમુક કાનૂની અને શૈક્ષણિક પસંદગીઓ કરવાનો અધિકાર અને જવાબદારી ધરાવે છે.

## તમારું બાળક હાઇ સ્કૂલના મુકામ પર પહોંચી ગયું છે

તમારું બાળક પુખ્તાવસ્થાની યાત્રા પર જવા માટે તૈયાર છે. તેમની મુસાફરી દરમિયાન તેમને સહાયતા આપવા માટે તેમની સૂટકેસ સંસાધનોથી ભરેલી છે.

• જ્યારે તમારું બાળક હાઇ સ્કૂલમાંથી સ્નાતક થાય અથવા તેને છોડે, ત્યારે તમારા બાળકના સ્કૂલ ડિસ્ટ્રીક્ટે તમારા બાળકના શૈક્ષણિક અને કાર્યાત્મક પ્રદર્શનનો સારાંશ આપવો આવશ્યક છે. આ સારાંશમાં એવી ભલામણોનો પણ સમાવેશ થવો જોઈએ કે જે તમારા બાળકને તેમના માધ્યમિક અભ્યાસ પછીના લક્ષ્યો હાંસલ કરવામાં મદદ કરી શકે.

• તમે તમારા બાળકને આપવામાં આવેલી ભલામણો તરફ પ્રગતિ કરવામાં મદદ કરીને તેમની માધ્યમિક અભ્યાસ પછીની સફળતાને સમર્થન આપી શકો છો.

## તમારું બાળક 22 વર્ષનું છે

• તમારું બાળક વિકલાંગતા શિક્ષણ અધિનિયમ (IDEA) હેઠળ મફત યોગ્ય જાહેર શિક્ષણ (FAPE) માટે પાત્ર નથી. જો તમારું બાળક શાળા વર્ષ દરમિયાન 22 વર્ષનું થઈ જાય, તો સ્કૂલ ડિસ્ટ્રીક્ટની નીતિ નક્કી કરશે કે તમારું બાળક ડિસ્ટ્રીક્ટ સાથે શાળા વર્ષ પૂરું કરી શકશે કે કેમ.

રોડમેપ પર પાછા ફરો